ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૨૯ ટકા

# કુડાસણ-સરગાસણમાં ફાયર વિભાગનો સપાટો

## ગાંધીનગર ફાયર વિભાગે સીલીંગ કાર્યવાહી કરતા વેપારીઓમાં દોડધામ : ૨ માર્ટ અને ૩૬ દુકાન-ઓફિસ સીલ







ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર મહાનગર પાલિકા હસ્તક ફાયર વિભાગ દ્વારા ફરીવાર ન્યુ ગાંધીનગર વિસ્તારમાં સીલીંગ કાર્યવાહી કરીને સપાટો બોલાવ્યો છે. ફાયર એનઓસી વિના ધમધમતા ૨ માર્ટ અને ૩૬ ઓફિસ-દુકાન સહિત અટ્રીયા બિઝનેશ હબમાં આવેલુ આપ પાર્ટીના કાર્યાલયને પણ સીલ મારી દીધુ હતું. ફાયર વિભાગ દ્વારા વારંવાર નોટીસ આપવા છતા પણ ફાયર એનઓસી લેવામાં ઉદાસીન વલણ દાખવતા વેપારીઓમાં તંત્રની કાર્યવાહીને લઈ દોડધામ મચી જવા પામી છે.

ન્યુ ગાંધીનગરના કુડાસણ અને સરગાસણ વિસ્તારમાં ચીફ ફાયર ઓફિસર મહેશ મોડના નેતૃત્વમાં ટીમે સીલીંગ કાર્યવાહી હાથ ધરી છે. ફાયર એનઓસી વિના કાર્યરત એકમો પર ફાયર ટીમે સપાટો બોલાવતા શહેરમાં હોહા મચી ગઈ છે. ફાયર વિભાગે સીલ મારીને નોટીસ ચીપકાવીને ફાયર સેફટીની સુવિધા બાદ એનઓસી લઈ લેવા સુચના આપી હતી. ફાયર વિભાગ દ્વારા એનઓસી મુદ્દે અટ્રીયા અને બી માર્ટ તેમજ મેપલ માર્ટને પણ નોટીસ આપવામાં આવી હતી. તેમ છતા ફાયર એનઓસી અંગે નહી ગણકારતા આખરે તંત્રએ લાલ આંખ કરવાની ફરજ પડી હતી. જેમાં કુડાસણ વિસ્તારમાં વૃંદાવન ટ્રેડ સેન્ટરમાં આવેલા મેપલ માર્ટ અને સરગાસણ વિસ્તારમાં આવેલા સિધ્ધરાજ ઝોરી ખાતે બી માર્ટને પણ સીલ મારી દીધુ હતુ. જયારે અટ્રીયા બિઝનેશ હબ ખાતે ૩૪ દુકાન-ઓફિસને સીલ મારી દેવામાં આવતા વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી. સીલીંગ કાર્યવાહીને પગલે અચાનક વેપાર ધંધા ઠપ થઈ જતા વેપારીઓ ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા. ત્યારે શહેરમાં આગામી સમયમાં પણ ફાયર એનઓસી વિના ધમધમતા એકમો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ ફાયર ઓફિસર મહેશ મોડે જણાવ્યું છે.

# શહેરમાં રખડતા કૂતરાથી વધતા અકસ્માત

## રાતના સમયે કૂતરાઓનો ત્રાસ વધી ગયો છે : સ્ટ્રીટલાઈટના અજવાળામાં સરખું દેખાય ન દેખાય અને કૂતરાંઓ વચ્ચે આવી જતાં અકસ્માત સર્જાય છે

ગાંધીનગર, તા.૨૪

શહેરમાં ઘણા દિવસથી અકસ્માત નોંધાઈ રહ્યા છે આમ તો અકસ્માત થાય ત્યારે બંને પક્ષની ભૂલ ગણાય છે પરંતુ શહેરમાં અકસ્માત બે વાહનો અથડાવવા ઉપરાંત રખડતા ઢોરનું અચાનક સામે આવવાથી પણ થઈ રહ્યા છે. તંત્ર દ્વારા રખડતા ઢોરને પકડવા માટે વર્ષમાં એક-બેવાર પગલા લેવામાં આવે છે પરંતુ બાકીના દિવસોમાં આ સમસ્યા જેમ હતી તેમ જ રહે છે. પહેલા ફકત સેકટરવાસીઓ રખડતા કૂતરા કે ગાયથી પરેશાન રહેતા હતા પરંતુ હવે શહેરના મુખ્ય માર્ગો પર પણ કૂતરા દોડતા રહે છે. દરેક સિઝનમાં કૂતરાની સંખ્યામાં વધારો થતો રહે છે. હાલ શહેરમાં અનેક જગ્યાએ શહેરના વિકાસ અર્થે રોડ રસ્તાના કામ ચાલી રહ્યા છે ત્યારે વાહન ચાલક માંડ-માંડ માટીના ઢગ કે ખાડાવાળા રસ્તા પર પસાર થઈને જાય છે અને તેમાંય આમ, રખડતા કૂતરા વચ્ચે આવી જાય છે. હવે ટુ-વ્હીલર કે ફોર વ્હીલર ચાલક પોતાની સ્પિડ નિયંત્રણમાં રાખે અને બ્રેક મારે એ પહેલા જ કૂતરાઓ રોડ વચ્ચે આવીને ઉભા રહી જાય છે અને અકસ્માત સર્જાય છે. આમ કૂતરાને તો વાગે છે સાથે વાહનચાલકને ઓછામાં ઓછા ચાર-પાંચ દિવસનો બેડ રસ્ટ આવી જતો હોય છે અનેક શહેરીજનો આ સમસ્યાનો સામનો કરી રહ્યા છે તેમાંય રાતના સમયે કૂતરાઓનો ત્રાસ વધી ગયો છે. સ્ટ્રીટલાઈટના અજવાળામાં સરખું દેખાય ન દેખાય અને કૂતરાંઓ વચ્ચે આવી જતાં અકસ્માત સર્જાય છે. ટુ વ્હીલર ચાલકને તો વાગે છે પરંતુ ગાડી ચલાવનારની પાછળ પણ કૂતરાઓ દોડે છે. આમ, જો જલ્દીથી આ અકસ્માતને અટકાવવા અર્થે પણ કૂતરાઓ કે રખડતા કોઈ પણ ઢોરને લઈને અનુકુળ પગલાં નહિ લેવાય તો શહેરમાં અકસ્માતનો દોર વધતો જશે. તંત્ર દ્વારા આ બાબતે યોગ્ય પગલાં લેવાય તેમ તમામ શહેરીજનોની માંગ છે.

# વર્ચ્યુઅલ ટ્રીપ-શાકભાજી અને ફ્રુટ માર્કેટ



ગાંધીનગર, તા.૨૪

શાળામાં થી દરેક વર્ષે બાળકોને એજયુકેશનલ ટ્રીપ પર લઈ જવામાં આવે છે. જેમ કે પોસ્ટ ઓફીસ, શાકભાજી માર્કેટ, ફ્રુટ માર્કેટ મોલ વગેરે. પરંતુ આ વર્ષે કોરોનાની અસરને કારણે બાળકોને ત્યાં જાતે લઈને જવા શક્ય નહતું માટે ગાંધીનગરમાં આવેલી એસ.એસ.વી શાળાના પ્રિ-પ્રાયમરીના શિક્ષકોએ જાતે જઈને બાળકોને ઓનલાઈન શાકભાજી અને ફ્રુટમાર્કેટની વર્ચ્યુઅલ ટ્રીપ કરાવી હતી. તેમણે બાળકોને અલગ અલગ શાકભાજી તેમજ ફ્રુટનો પરિચય આપ્યો હતો. આ ટ્રીપમાં બાળકોને પણ જાતે જ ત્યાં જઈ ને મુલાકાત લીધી હોય તેવો અનુભવ થયો હતો.



ગુરૂ પૂજા દિવસ નિમિત્તે સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા રકતદાન તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન સેકટર-૩૦ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સેવાભાવી નાગરિકોએ ભાગ લીધો હતો.

# શહેરના સે-૧૩ એ ખાતે રહેતો યુવક ગુમ થયેલ છે

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ એ ખાતે રહેતા અશોકજી ડાભીનો ૨૨ વર્ષિય પુત્ર ધવલકુમાર અશોકજી ડાભી ગત તા.૨૨ ફેબુઆરીને રવિવારના રોજ બપોરના ૪ વાગે ઘરે થી કોઈને કંઈ પણ કહ્યા વિના જતો રહ્યો છે. યુવકના ગુમ થવા અંગે સેકટર-૭ પોલીસ મથકે જાણવા જોગ ફરીયાદ આપી છે. યુવક શરીરે પાતળા બાંધાનો અને રંગે શ્યામ છે. તેણે સફેદ શર્ટ તેમજ છીકણી કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે. માથામાં કાળા કલરના ટુંકા વાળ છે, તેના જમણા હાથે અંગુઠા પાસે જુનુ દાઝી ગયેલાનું નિશાન છે. તેની ઉંચાણી ૫ ફુટ ૮ ઈંચ છે જયારે ચહેરો લંબગોળ છે. ધવલ ગુજરાતી તેમજ હીન્દી ભાષા જાણે છે. જે કોઈને યુવક અંગે માહિતી મળે તો નજીકના પોલીસ મથકે જાણ કરવા જણાવાયું છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે. પટેલ સ્કુલમાં ગ્રાન્ડ પેરેન્ટસ ડે ઉજવાયો હતો. જે અંતર્ગત બાળકોના દાદા દાદીઓ દ્વારા બાળકો પાસે બેસી રમતો રમવામાં આવી હતી. બાળકો દ્વારા ગ્રાન્ડ પેરેન્ટસ સાથેના ફોટા શાળામાં મોકલવામાં આવ્યા હતા.

# રોટરી ક્લબ ઓફ કેપીટલે ૧૧૬મો રોટરી સ્થાપના દિન ઉજવ્યો



ગાંધીનગર, તા. ૨૪

રોટરી ઈન્ટરનેશનલના ૧૧૬મા સ્થાપના દિનની ઉજવણી રોટરી ફાઉન્ડેશનના અધ્યક્ષ એસ. કે.નંદાની ઉપસ્થિતિમાં તા.૨૩મી ફેબ્રુઆરી મંગળવારના રોજ અરણય ઉધાન ખાતે રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા કરવામાં આવી હતી. જેમાં પરસ્પર કેક ખવડાવી તેમજ સંસ્થાના મૂલ્યો અંગેના પ્લે કાર્ડ સાથે તેનો પ્રચાર-પ્રસાર માટે સંકલ્પ કરવામાં આવ્યો હતો. ફાઉન્ડેશનના અધયક્ષ એસ.કે.નંદાએ પ્રવર્તમાન પરિસ્થિતીમાં યુવા સંભાળ તેમજ વડીલોની સંભાળ માટે સેતુ-સંવાદ પ્રોજેકટની વિસ્તૃત માહિતી આપી આ પ્રોજેક્ટ કાયમી ધોરણે કરવામાં આવે તેવી અપીલ કરી હતી. કાર્યક્રમમાં પ્રમુખ ઈલાબહેન વોરા, સચિવ હસમુખ મેકવાન, અરવિંદભાઈ પટેલ, ઉદયભાઈ વોરા સહિત સભ્યો અને અરણ્ય ઉધાનના અધિકારી આલાપભાઈ પંડિત ઉપસ્થિત રહ્યાં હતા.



કોરોનાના સમય દરમિયાન લાયોનેસ કલબ દ્વારા કરવામાં આવેલી સેવાકીય કામગીરી બદલ શહેરના મેયર રીટાબેન પટેલ દ્વારા સંસ્થાના પ્રમુખ મીત્તલબેન રાણા તથા લાયોનેસ બહેનોને પ્રમાણપત્ર આપી સન્માન કર્યું હતું.

# સે-૨૨માં ફરી વૃક્ષો કાપવાનું શરૂ થતાં પ્રકૃતિપ્રેમીઓમાં રોષ

## ફરી એકાએક ૮ વૃક્ષો કાપવાની કામગીરી શરૂ થઈ જતાં પ્રકૃતિ પ્રેમીઓએ વિરોધ પ્રગટ કર્યો : છેવટે ૩ વૃક્ષો કાપીને કામગીરી આટોપી લેવી પડી : પક્ષીઓના કિલકિલાટ સાથેનો વધુ એક વડલો પ્રકૃતિપ્રેમીઓ માંડ બચાવ્યો




ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં ફરી એકવાર તંત્રએ સેકટર-૨૨માં વૃક્ષો કાપવાનું શરૂ કરી દેતાં પ્રકૃતિ પ્રેમીઓ રોષે ભરાયા હતા અને આજે બીજા આઠ વૃક્ષો કાપવાની તંત્રની હિલચાલ સામે પ્રકૃતિ પ્રેમીઓએ વાંધો ઉઠાવતાં છેવટે ત્રણ વૃક્ષો કપાયા બાદ કામગીરી અટકાવવાની ફરજ પડી હતી. પ્રકૃતિ રક્ષા અભિયાનને અંધારામાં રાખીને આજે ફરી વૃક્ષો કાપવાની હિલચાલ શરૂ થઈ જતાં જ પ્રકૃતિપ્રેમીઓ છેતરાયાની લાગણીનો અનુભવ થયો હતો અને તંત્રની ખોરી દાનત ખુલ્લી પડી જવા પામી હતી.

ગાંધીનગરના સેકટર-૨૨માં આંતરિક માર્ગ પહોળો કરવાને કારણે અસંખ્ય વૃક્ષોનું છેદન કરવા તૈયારી કરી ચુકેલા મહાનગર પાલિકાના નિર્ણય સામે પ્રકૃતિ રક્ષા અભિયાન અંતર્ગત શહેરના પ્રકૃતિ પ્રેમીઓ તથા સ્વૈચ્છીક સંસ્થાઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું જેના પગલે મહાનગરપાલિકાએ આંતરિક માર્ગોની ડિઝાઈનમાં ફેરફાર કરીને ઓછા વૃક્ષો કાપવામાં આવશે તેમજ કેટલાંક વૃક્ષોનું રીટ્રાન્સપ્લાન્ટેશન કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી. આ હૈયાધારણને આધારે પ્રકૃતિપ્રેમીઓએ કામ શરૂ કરવા દીધું હતું જે અંતર્ગત શરુઆતમાં કેટલાંક વૃક્ષોનું રીટ્રાન્સપ્લાન્ટેશન કામ શરૂ કરવામાં આવ્યું હતું તેમજ વૃક્ષો કાપવાની કામગીરી તા.૮મી ફેબ્રુઆરી સુધી ચાલી હતી. તા.૮મી ફેબ્રુઆરીએ નિયત વૃક્ષો કાપી લીધા બાદ પ્રકૃતિપ્રેમીઓને તંત્ર દ્વારા મૌખિક હૈયાધારણ આપવામાં આવી હતી કે હવે પછી કોઈ વૃક્ષ કાપવામાં આવશે નહીં અને વૃક્ષો કાપવાની કામગીરી પૂરી થઈ છે. આમ છતાં આજે એકાએક સે.૨૨ના જૈન મંદિર સામેના માર્ગ પર વૃક્ષો કાપવાનું શરૂ થઈ જતાં પ્રકૃતિપ્રેમીઓ દિગ્મૂઢ થઈ ગયાં હતાં અને વૃક્ષો કાપતા કામગીરીનો વિરોધ કરવામાં આવ્યો હતો. કામગીરી દરમ્યાન સ્થળ પર હાજર અધિકારી પાસેથી પ્રકૃતિપ્રેમીઓને જાણવા મળ્યું હતું કે કુલ આઠ વૃક્ષોનું કટિંગ કરવાનું છે. જેમાં એક વડલો હતો જેના પર તે જ સમયે કાબર, પોપટ, કબૂતર, ચકલી જેવા અસંખ્ય પક્ષીઓ મસ્તીથી કિલકિલાટ કરી રહ્યાં હતાં. તંત્રની આ હિલચાલને પગલે પ્રકૃતિપ્રેમીઓ એકત્ર થઈ ગયાં હતાં અને કામગીરીનો વિરોધ કર્યો હતો જેની સામે ભારે રકઝક બાદ હાજર અધિકારીએ તેમના ઉપરી સાથે ટેલિફોનિક વાતચીત કરીને છેવટે કામગીરી અટકાવવામાં આવી હતી. પરંતુ ત્યાં સુધીમાં ત્રણ લીલાછમ ઘટાદાર વૃક્ષોને કાપી નાખવામાં આવ્યાં હતાં. અગાઉ જે વૃક્ષો કાપ્યાં હતાં તેની સંખ્યા પ્રકૃતિ સુરક્ષા અભિયાનને જણાવ્યા મુજબ ૪૧ હતી અને વધુ ત્રણ વૃક્ષો કપાતાં વૃક્ષો કપાવાનો કુલ આંકડો ૪૪ પર પહોંચ્યો છે.



## જન્મદિને વધામણી



એમ એમ શાહ



ડાહ્યાભાઈ પ્રજાપતિ
પ્રમુખ, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ
મો. ૭૪૦૫૭ ૫૯૨૪૦



રામદાનભાઈ ગઢવી
પ્રમુખ, ખોડિયાર માતાજી મંદિર ટ્રસ્ટ, સેકટર-૫
મો. ૯૮૨૫૮ ૫૦૯૯૨



પાર્થ જોશી
મો. ૯૬૩૮૬ ૭૮૪૮૦

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ.વણઝારા કંકુબેન રાણાજી ઉ.વ. ૭૦, બોરીજ
- સ્વ.પ્રજાપતિ કાશીબેન કાશીરામ ઉ.વ. ૮૦, જમીયતપુરા
- સ્વ.બજાણીયા પોપટભાઈ ચતુરભાઈ ઉ.વ. ૫૪, ડભોડા, ઓતાજીના છાપરાં
- સ્વ.ઉમોર કેશાભાઈ રૂડાભાઈ ઉ.વ. ૪૫, કુબેરનગર, વાવોલ
- સ્વ.ડાભી ધવલ અશોકકુમાર ઉ.વ. ૨૨, સેકટર-૧૩

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ.કિનખાબવાલા હેતલ ઉત્પલ ઉ.વ. ૮૩, કુડાસણ
- સ્વ. પટેલ અમૃતલાલ જોઈતારામ ઉ.વ. ૭૫, મોટેરા, સાબરમતી